## –: રીઝર્વેશન/બુકીંગ અંગેના નિયમો :–

(૧) સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી સંજીવકુમારઓડીટોરીયમનો ઉપયોગ કરવા ઈચ્છતી કોઈપણ સંસ્થા અગર વ્યકિતએ નિયત કરેલ ફોર્મ મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપરથી ડાઉન લોડ કરી ભરવાનું રહેશે.જે અંગેની ફોર્મ ફી રૂા ૫૦.૦૦ બુકીગ સમયે ચુકવવાના રહેશે. અથવા શ્રી સંજીવકુમારઓડિટોરીયમ ખાતે આવેલ કચેરીમાંથી રવિવાર કે જાહેર રજા ના દિવસો સિવાય સવારે ૧૧:૦૦ થી ૨:૦૦ કલાક દરમિયાન રૂા.૫૦.૦૦ ની કીમતે મળી શકશે.

(૨) (અ) ઉકત ઓડીટોરીયમનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે તારીખથી વધુમાં વધુ ૧૫૦ દિવસ અગાઉ અને ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉથી અરજી કરવાની રહેશે.

### ઓડીટોરીયમના આગોતરા (એડવાન્સ) બુકીંગની સમજણ / વિગત

| | અગોતરા બુકીંગનો સમયગાળો | હોલનું ભાડુ તથા એસી ચાર્જ | રીમાર્કસ |
|---|---|---|---|
| અ | ૧૨૧ થી ૧૫૦ દિવસ (અગોતરો સમગ્ર પાંચમો મહીનો) | પરિશિષ્ટ 'આઈ' મુજબનું ભાડું + ૧૦૦ % વધુ | – |
| બ | ૯૧ થી ૧૨૦ દિવસ (અગોતરો સમગ્ર ચોથો મહીનો) | પરિશિષ્ટ 'આઈ' મુજબનું ભાડું + ૫૦ % વધુ | – |
| ક | ૬૧ થી ૯૦ દિવસ (અગોતરો સમગ્ર ત્રીજો મહીનો) | પરિશિષ્ટ 'આઈ' મુજબનું રેગ્યુલર ભાડું | – |
| ડ | ૧૫૧ થી ૧૮૦ દિવસ (અગોતરો સમગ્ર છઠ્ઠો મહીનો) | પરિશિષ્ટ 'આઈ' મુજબનું ભાડું + ૧૦૦ % વધુ | – |

(બ) ભરત નાટયમ ઓરંગેત્રમ તથા રાજય કક્ષા તથા કેન્દ્ર કક્ષાના પરિસંવાદ મીટીંગ, સેમીનાર, પ્રવચન વિગેરે કાર્યક્રમો, શૈક્ષણિક સંસ્થાઓ સેવાકીય સંસ્થાઓ તથા એસોસીએશન વિગેરેને ૧૫૧ દિવસથી વધુ સમય પહેલા એટલે કે બુકીંગની તારીખથી ૧૮૦ દિવસ પહેલાં (સમગ્ર છઠ્ઠા મહિના) કાર્યક્રમ માટે પરિશિષ્ટ 'આઈ' માં જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ ઉપરાંત આ બંને ચાર્જના વધારાના ૧૦૦% ભરપાઈ કરાવી એડવાન્સમાં બુકીગ આપવા મ્યુ.કમિશ્નરશ્રી અધિકૃત રહેશે.

(૩)

(અ) ઉકત ઓડીટોરીયમનું રીઝર્વેશન વહેલો તે પહેલાના ધોરણે કરવામાં આવશે. તેમ છતાં જો એકજ તારીખે અને એક જ સમયે એકથી વધુ અરજી આવી હશે તો તેવા સંજોગોમાં અરજદારની રૂબરૂમાં મ્યુ.કમિશ્નરશ્રી અથવા તેમના પ્રતિનિધિ સમક્ષ ચિઠ્ઠી નાંખી/કોમ્પ્યુટર ડ્રો સીસ્ટમ કે અન્ય પ્રવર્તમાન પધ્ધતિથી ઉકત ઓડીટોરીયમ કોને ભાડેથી આપવું તે અંગે નિર્ણય કરવામાં આવશે જે નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

(બ) એક સંસ્થા/વ્યકિત તરફથી એક જ પ્રતિનિધિ ઉપરોકત પરિશિષ્ટમાં જણાવેલ અગોતર મહીનાના

અગાઉના મહીનાની ૨૦ થી ૨૮ તારીખ(દા.ત.મે મહીનો હોયતો એપ્રિલ મહીના સુધીમાં)સુધીમાં રૂ. ૫,૦૦૦/– ભરી ડ્રોમાં ભાગ લઈ શકશે. તથા ઓળખનો પુરાવો રજૂ કરવાનો રહેશે. તથા જે સંસ્થા વ્યકિતને ડ્રો મારફત તારીખ ફાળવવામાં આવશે તે જ નામનું બુકીંગ કરાવવાનું રહેશેતેમજ તે જ નામનાં ટીકીટ કે આમંત્રણકાર્ડ છપાવવાના રહેશે. અને તેમણે જ કાર્યક્રમ કરવાનો રહેશે. જેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અન્ય મારફત કાર્યક્રમ કરી શકાશે નહિં કે ફાળવી શકાશે નહિં.

(૪) જો કોઈ તારીખે કોઈપણ સંસ્થા યા વ્યકિત તરફથી ઉકત ઓડીટોરીયમનું અગાઉથી રીઝર્વેશન મેળવવામાં આવ્યું હશે તેમ છતાં કોઈ અનિવાર્ય સંજોગો ઉભા થાય તો તેવું રીઝર્વેશન કોઈપણ કારણો જણાવ્યા સિવાય તેઓએ ભરેલ રકમ / ડીપોઝીટ પરત કરી રદ કરવાની સત્તા મ્યુ.કમિશ્નરશ્રીને રહેશે. ઉપર જણાવ્યા પ્રમાણે રીઝર્વેશન રદ કરવા બદલ કોઈપણ નુકશાની ચુકવવાની થતી જવાબદારી મહાનગરપાલિકાની રહેશે નહીં તથા તે અંગે કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

(૫) કોઈપણ સંસ્થા અગર વ્યકિતને એકી સાથે ૭ દિવસથી વધુ સળંગ સમય માટે ઉકત ઓડીટોરીયમ વાપરવા માટેનો રીઝર્વેશન મળી શકશે નહીં. ૭ દિવસથી વધુ સમયગાળા માટે યોગ્ય જણાયે સ્થાયી સમિતિની મંજુરીથી આપી શકાશે.

(૬) ઉકત ઓડીટોરીયમનો ઉપયોગ કરવા માટે જે તારીખનું રીઝર્વેશન મેળવવામાં આવ્યું હોય તે તારીખ/સેશન સામાન્ય સંજોગોમાં બદલી આપવામાં આવશે નહીં. પરંતુ કોઈ ખાસ સંજોગોમાં તારીખ/સેશન બદલી આપવાની સત્તા કમિશ્નરશ્રીને રહેશે. જે માટે અરજદારે રૂ.૧,૦૦૦/– ની વધારાની ફી તરીકે ચુકવવાની રહેશે. આ પ્રમાણે બદલી આપવામાં આવેલી નવી તારીખ અને પ્રકાર નકકી થયેલ તારીખથી ૬૦ દિવસની અંદર હોવી જોઈએ. કોઈપણ કિસ્સામાં તારીખ અને પ્રકાર બદલી આપવી કે નહીં તે અંગેનો નિર્ણય કમિશ્નરશ્રીનો આખરી રહેશે.

(૭) ઉકત ઓડીટોરીયમનો ઉપયોગ કરવા માટે જે કાર્યક્રમ માટે બુકીંગ કરાવ્યું હોય અને ખાસ સંજોગોમા કાર્યક્રમનો પ્રકાર અથવા કાર્યક્રમનું નામ(નાટક,મ્યુઝીકલ પાર્ટી/કલાકારનું નામ.....વગેરે) બદલવામાં આવે તો અરજદારે રૂ.૨,૦૦૦/– ની વધારાની ફી તથા બદલાયેલા ભાડા/એ.સી.ચાર્જના તફાવતની રકમ ભરવાની રહેશે.

(૮) રીઝર્વેશન મેળવનાર વ્યકિત અગર સંસ્થા ધ્વારા કોઈ સંજોગોમાં ઉકત ઓડીટોરીયમનો ઉપયોગ ન કરવો હોય તેવા પ્રસંગે અરજદારે લેખિત અરજી આપવાની રહેશે. જે તારીખ માટે રીઝર્વેશન મેળવ્યું હોય તેની સમય મર્યાદા અનુસાર નીચે મુજબની રકમ તેમજ લાગુ પડતા નિયમ મુજબના ટેક્ષ કાપી લઈ બાકી રકમનું રીફંડ આપવામાં આવશે.

**કાર્યક્રમ રદ કરવા બાબતે રીફંડનું પત્રક**

| અ.નં | કાર્યક્રમની તારીખથી | હોલભાડું તથા એરકન્ડીશન ચાર્જની ભરેલી રકમ/ફી માંથી કપાત રકમ |
|---|---|---|
| (૧) | ૪૫ દિવસ પહેલા અને ૬૦ દિવસની અંદર | ૨૫% |

| | | | |
|---|---|---|---|
| | (૨) | ૩૦ દિવસ પહેલાં અને ૪૫ દિવસની અંદર | ૫૦ % |
| | (૩) | ૧૫ દિવસ  પહેલાં અને ૩૦ દિવસની અંદર | ૭૦ % |
| | (૪) | ૧૫ દિવસની અંદર | ૧૦૦% |

| | |
|---|---|
| (૯) | રીઝર્વેશન માટેની અરજીમાં જે વ્યકિત અગર સંસ્થાનું નામ કાર્યક્રમના પ્રાયોજક તરીકે દર્શાવવામાં આવ્યુ હશે તેમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહી અર્થાત પ્રયોજક સિવાયની કોઈપણ અન્ય ત્રાહિત વ્યકિત તે કાર્યક્રમ અંગે ઉકત ઓડીટોરીયમનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રીઝર્વેશન મેળવી શકશે નહીં. ઓડીટોરીયમ ભાડે રાખનાર કોઈ બીજાને પેટા ભાડે આપી શકશે નહીં અથવા નામ ફેર કરી શકશે નહીં. અરજદાર સિવાયની કોઈપણ અન્ય વ્યકિત કે સંસ્થા ધ્વારા કાર્યક્રમ યોજવા દેવામાં આવશે નહીં. આ નિયમનો ભંગ કર્યાનું માલુમ પડશે તો સબંધકર્તા વ્યકિત અગર સંસ્થા ધ્વારા આ અરજી સાથે ભરવામાં આવેલી તમામ રકમ જપ્ત કરવામાં આવશે તથા રીઝર્વેશન આપોઆપ રદ થયેલું ગણાશે. આયોજક નિયમોનો ઈરાદાપૂર્વક ભંગ કરશે તો તેમને કાળી યાદીમાં મૂકવામાં આવશે. અને અરજી સાથે ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. |
| (૧૦) | કુદરતી આફત અગર જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા અસામાન્ય સંજોગોમાં કાર્યક્રમ રદ કરવાની પરિસ્થિતિ ઉભી થાય ઉભી  થાય તો તેવા સંજોગોમાં ડીપોઝીટ તથા ચાર્જીસની પૂરેપુરી રકમનું રીફંડ આપવાની આપવાની કમિશ્નરશ્રીને સત્તા રહેશે. |
| (૧૧) | કાર્યક્રમ ચાલુ હોય તે સમય દરમ્યાન કુદરતી આફત અગર જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સંજોગોમાં કાર્યક્રમ અડધેથી બંધ કરાવવાની સત્તા વિભાયીય વડાશ્રીને રહેશે. અને તે માટે કોઈ રીફંડ આપવામાં આવશે નહીં. |

**સુરત મહાનગરપાલિકાની મુલતવી રહેલી અને તા.૩૦–૧–૨૦૧૪ ના રોજ**

**ફરી મળેલ માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–**

* * * * * * *

**સ્થાયી સમિતિ ઠરાવ નં.૪૧/૨૦૧૪ થી ભલામણ કર્યા મુજબ, સંજીવકુમાર**

**ઓડીટોરીયમના રીઝર્વેશન/બુકીંગ અંગે સામાન્ય સભાના તા.૩૦–૫–૧૩ ના ઠરાવ નં.૫૯૬/૧૩**

થી મંજુર થયેલ નીતિ નિયમો તથા ભાડાના દરમાં નીચે મુજબનો આંશિક સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રીઝર્વેશન/બુકીંગ અંગેના નિયમોમાં ક્રમ નં.૧ માં.

બુકીંગ અંગેનું ફોર્મ ડાઉનલોડ કરેલ હોય તો સંપૂર્ણ વિના મુલ્યે આપવાનું રહેશે.

(૨) રીઝર્વેશન/બુકીંગ અંગેના નિયમોમાં ક્રમ નં.૮ માં.

બુકીંગ કરેલ પ્રોગામ રદ કરે તો નિયમ મુજબ નકકી કરેલ તારીખ દરમ્યાનમાં હોલ ભાડુ અને એ.સી. ચાર્જમાં કપાત નકકી કરવામાં આવેલ છે. જે પૈકી ક્રમ નં.૧ માં ૪૫ દિવસ પહેલા અને ૬૦ દિવસની અંદર દર્શાવેલ છે જેના બદલે ૪૫ દિવસથી વધુ દિવસ રહેશે.

(૩) રીઝર્વેશન/બુકીંગ અંગેના નિયમોમાં 'પરિશિષ્ટ–આઈ' માં ઉપયોગ માટેના ભાડા તેમજ ડિપોઝીટ દર અંગે ક્રમ નં.૬(અ) માં ફોયર સાથે ભાડે આપવા અંગેનો સાડા ત્રણ કલાકની રકમનો ઉલ્લેખ કરવાનો રહી જવા પામેલ હોય જેમાં રૂા.૩,૦૦૦/– લેવાના રહેશે.

(૪) રીઝર્વેશન/બુકીંગ અંગેના નિયમોમાં 'પરિશિષ્ટ–આઈ' માં ક્રમ નં.૧૮(ક) (૧) માં કાર્યક્રમના પ્રસારણ માટે પ્રોજેકટર સ્ક્રીન સ્ટેજ સિવાય અન્ય જગ્યા ઉપર મુકવામાં આવે તો સ્ક્રીન દીઠ રૂા.૫૦૦/– ચાર્જ આપવાનો રહેશે તેમ જણાવેલ છે તેના બદલે રૂા.૧,૦૦૦/– નો ચાર્જ લેવાનો રહેશે.

ઠરાવ નં.૧૪/૨૦૧૪ સર્વાનુમતે મંજુર.

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઈ.ચા.સે ક્રે ટ રી,
સુરત મહાનગરપાલિકા,
તા. –૧–૨૦૧૪.